# પાલનપુરમાં ટ્રાન્સપોર્ટના માલિક સામે છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ

પાલનપુર, તા. ૧૩

પાલનપુર નવા ગંજ બજાર વિસ્તારમાં આવેલી એક પેઢીની ૨૩૦ જેટલી એરંડાની બોરીઓ ટ્રાન્સપોર્ટ કંપનીમાં ગાંધીધામ મોકલવામાં આવી હતી. જેની તપાસ કરવામાં આવતા પેઢીના માલિકને ઉધ્ધાઈભર્યો જવાબ આપવામાં આવ્યો હતો. અને ટ્રક માલ સાથે ગાંધીધામ પહોંચ્યો જ નથી. જેથી ટ્રકચાલક અને ટ્રાન્સપોર્ટના માલીક સામે પૂર્વ પોલીસ મથકમાં છેતરપીંડીની ફરિયાદ થતાં ચકચાર મચી જવા પામી છે.

શહેરના નવાગંજ બજાર વિસ્તારમાં ઈ-૯માં સ્વસ્તિક ટ્રેડીંગ કુ. ધરાવતા વિનોદભાઈ શંકરલાલ પટેલે ગતરોજ તા. ૨૫-૬-૧૨ ના રોજ લીલાશા ટ્રાન્સપોર્ટમાં ૨૩૦ બોરી એરંડા ટ્રક નં. જીજે-૧૨-વાય-૫૪૭૨ માં ભરાવ્યા હતા. જેની કિ. રૂ. ૬.૧૦,૪૨૩ જેટલી થવા પામે છે. આ એરંડા ગાંધીધામ ખાતે ગોકુલ રીફલ્સમાં પહોંચાડવાના હતા. પરંતુ આજ દિન સુધી એરંડા ગાંધીધામ પહોંચ્યા નથી. જેથી પેઢીના માલિક વિનોદભાઈ શંકરભાઈ પટેલે લીલાશા ટ્રાન્સપોર્ટ કંપનીના માલિક હીરાભાઈ ઠક્કર અને ટ્રકચાલક ભગારામ તોગારામ વિરૂદ્ધ પાલનપુરના પૂર્વ શહેર પોલીસમથકે છેતરપીંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર સહિત સમગ્ર જિલ્લામાં મેઘ મહેર જારી રહી છે. જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સારો એવો વરસાદ પડતા ખેડૂતોમાં ખુશહાલીનો માહોલ જોવા મળ્યો હતો. વરસાદના કારણે રોજીંદા જનજીવન ઉપર અસર પડવા પામી હતી. શાળા-કોલેજમાં પણ વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે નદીઓમાં પાણી આવ્યા હતા. વરસાદના કારણે જિલ્લામાં કોઈ નુકશાન થવા પામ્યું નથી. મેઘ મહેરથી સમગ્ર જિલ્લો તળબોળ બનવા પામ્યો છે.



સાબરકાંઠા જિલ્લામાં સાર્વત્રિક સારા વરસાદથી હાલ ખેતી કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે તાજપુર કુઈ પંથકમાં ડાંગરની ખેતી કરતા ખેડૂતો કામમાં જોડાઈ ગયા છે. સારા વરસાદથી જિલ્લામાં દોઢ લાખ હેક્ટરમાં વાવેતર થવાથી ખેડૂત આલમ ખુશખુશાલ થઈ રહ્યા છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# પ્રાંતિજ જૈન દેરાસરમાં તસ્કરો ત્રાટકી લાખ્ખોની ચોરી

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરના લાલ દરવાજા દુમ્મ્ડ કૂવા પાસેના જૈનોના પૌરાણિક ભગવાન ૧૦૦૮ શાંતિનાથ દિગંબર જૈન સમાજના મંદિરની દાન પેટી ચાંદીના છત્તર, પંચ ધાતુની મૂર્તિઓ વગેરેની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જૈન સમાજના આગેવાનોનો સવારમાં ચોરીની જાણ થતા આ ઘટતા ઘરો પ્રત્યાઘાતો પડ્યા હતા.

દુમ્મ્ડ કુવાના ભરચક રહેણાંક વિસ્તારમાં ભગવાન ૧૦૦૮ શાંતિનાથ. દિગમ્બર જૈન સમાજનું મંદિર આવેલું છે. જ્યાં જૈન સમાજના ભાઈઓ, બહેનો મોટી સંખ્યામાં પૂજા-અર્ચના કરવા માટે જાય છે. જ્યાં ગત તારીખ ૧૨ જુલાઈની મોડી સાંજે તસ્કરો દેરાસરના પાછળના બારણેથી પ્રવેશ કરી મંદિરના ભગવાનના ચાંદીના છત્તરો, પંચ ધાતુની મૂર્તિ, સોનાની સમજી લઈ ગયા, તેમજ દાનપેટી તોડી પરચુરણ પડી રહેવા દઈ રોકડા રકમ અંદાજિત ૨૦,૦૦૦ લઈ ગયા છે. ઉપરાંત કિંમતી પૂરાણી મૂર્તિઓ કે જેનું મૂલ્ય ન થાય વગેરે મળીને લાખ્ખોની ચોરી કરી પાછળના બીજા દરવાજા ઉપરથી આ તસ્કરો ચોરી કરી નાસી છૂટયાં હતા. સવારના ખબર પડતાં જ લોકો ભગવાન શાંતિનાથના દેરાસરની આગળ દોડી આવ્યા હતા. જોકે પ્રાંતિજના જૈન સમુદાયે આ અંગે પ્રાંતિજ પોલીસને જાણ કરતા પોલિસ ડૉગ સ્કૉડ મદદ લઈ તસ્કરોને શોધવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

# બનાસકાંઠાના ત્રણ ડેમની જળસપાટી

પાલનપુર, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લામાં આવેલ ત્રણ જળાશય યોજનામાં સૌપ્રથમ દાંતીવાડા-૧૬૪.૫૦ મીટર (આવક ૦.૨૬), મોકેશ્વર-૧૯૩.૫૧ મીટર (આવક-૦.૦૩) અને સિપુડેમ ૧૭૫.૧૩ મીટર (આવક ૦.૧૮ મીટર) આજે સવાર ૭ વાગ્યા સુધી નોંધાયેલ જળ સપાટી હોવાનું ફ્લડ કંટ્રોલરૂમના ઈન્ચાર્જે જણાવ્યું હતું.

# પાલનપુરના ચંડીસર નજીક આઈસરને પાછળથી બસે ટક્કર મારી અકસ્માત સર્જ્યો

ગઈકાલે વરસેલા મુશળધાર વરસાદને પગલે અનેક લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે પાલનપુર શહેર નજીક આવેલા ચંડીસર ચાર રસ્તા પાસે ગતરોજ વરસતા વરસાદમાં આઈસર ટ્રક અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા બસમાં સવાર મુસાફરોમાં રોકકળ મચી ગઈ હતી. ધડાકાભેર બસ ટકરાતા અવાજને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. બસમાં સવાર તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા.

ગઈકાલે વરસી રહેલા વરસાદમાં ડીસાથી પાલનપુર તરફ જતી સૂઈગામ અંબાજી બસના ચાલકને વરસાદને પગલે ચંડીસર ચાર રસ્તા પર ઉભેલી આયસર ટ્રક ન દેખાતા બસ આયસર ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર ટકરાતા અકસ્માત સર્જાયો હતો. બસમા સવાર ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ દ્વારા પાલનપુર સિવિલમાં લઈ જવામાં આવ્યા હતા. સામાન્ય ઈજા પામેલા મુસાફરોને પ્રાથમિક સારવાર આપીને રજા આપવામાં આવી હતી. જ્યારે ગંભીર ઈજાગ્રસ્તોમાં ગાયત્રી દશરથભાઈ રાઠોડ ઉં.વ. ૨૨, રહે. ડીસા, દશરથ લક્ષ્મણભાઈ રાઠોડ ઉં.વ. ૪૫, સવિતાબેન વિરસંગભાઈ રાજપુત ઉં.વ. ૫૦ ડીસા, રતનબેન વિરચંદ ઠાકોર ઉં.વ. ૬૦ રહે. રૂણી, અશોકભાઈ વેલાભાઈ ઠાકોર ઉં.વ. ૩૦ રહે. હરહલ્લે (રાપર) કચ્છ, ઈસાભાઈ લક્ષ્મણભાઈ ઠાકોર રહે. હરહલ્લે (રાપર), જી. કચ્છ, ઉપરોક્ત તમામની સારવાર પાલનપુર સિવિલમાં ચાલી રહી છે. અકસ્માતમાં બસના આગળના ભાગનો કુરચો ઉડી ગયો હતો. જ્યારે બસના ચાલકે જણાવ્યું કે વધુ વરસાદના કારણે આગળ ઉભી રહેલી ટ્રક ન દેખાતા આ અકસ્માત સર્જાયો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# બનાસકાંઠામાં શ્રીકાર વર્ષા : સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



ડીસા, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી વાદળછાયા વાતાવરણ અને ગરમી તેમજ બફારાના અસહ્ય ઉકળાટથી લોકો અકળાઈ રહ્યા હતા. ત્યારે ગત સોમવારના દિવસથી જ ગરમી અને બફારાનો માહોલ વર્તાયા બાદ મોડી રાત્રે સામાન્ય વરસાદ વરસતા એકાએક મોટા ફોરા સાથે વરસાદ તુટી પડ્યો હતો. જે હળવાથી ભારે ઝાપટા સાથે સવારના ૧૦ વાગ્યા સુધી યથાવત રહેતા સમગ્ર વિસ્તારો પાણી પાણી થઈ જવા પામ્યા હતા.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી બફારો અને સખત ગરમીનો માહોલ સર્જાયો હતો. અજાણ્યા બફારા વચ્ચે સામાન્ય ફોરા તેમજ ઝરમરીયો વરસાદના ઝાપટા પડતા હોવાથી બફારાના માહોલ વચ્ચે લોકો અકળાઈ ઉઠ્યા હતા. વરસાદ શરૂ થતા જ જોતજોતામાં સમગ્ર વિસ્તારોમાં પાણી પાણી થઈ ગયા હગતા અને ખેતરો, તળાવો અને નદીમાં પાણીનો આવરો શરૂ થઈ ગયો હતો અને સ્થળ જળમાં ફેરવાયો હતો. ભારે વરસાદ સવાર સુધી યથાવત રહેતા વહેલી સવારે લોકોને બહાર નિકળવુ પણ ભારે પડી ગયું હતું. બીજી તરફ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા રસ્તાઓમાં કાદવ કીચડનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. સમગ્ર જિલ્લામાં સારો એવો વરસાદ નોંધાતા ઠંડક પ્રસરવા પામી હતી. તેમજ ખેડૂતો આનંદથી ઝુમી ઉઠ્યા હતા. સરહદી પંથકના થરાદ અને વાવ તાલુકામાં પણ સારો એવો વરસાદ નોંધાતા ખેડૂતોમાં આનંદ છવાઈ ગયો હતો. તેજ ગતિ સાથે વરસેલા સાંબેલાધાર વરસાદને લોકોએ વધાવી લીધો હતો. સારા વરસાદને પગલે પ્રકૃતિ સજીવન થઈ ઉઠી હતી અને બફારો તેમજ ગરમીમાંથી લોકોએ છુટકારો મેળવ્યો હતો.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### વિજાપુર

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૨ |
| બાજરી | ૨૪૦ | ૨૪૮ |
| ઘઉં | ૨૯૬ | ૩૧૪ |
| જુવાર | ૨૯૧ | ૩૧૬ |
| ગવાર | ૧૨૦૬ | ૧૨૯૦ |

### કૂકરવાડા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૭૧ | - |
| એરંડા | ૬૮૫ | ૬૯૭ |
| બાજરી | ૨૩૦ | ૨૬૮ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| જુવાર | ૩૩૧ | ૩૪૮ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૨ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૧ |
| બાજરી | ૨૨૦ | ૨૬૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૦૦ |

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૮૩૧ | ૯૬૫ |
| એરંડા | ૬૮૭ | ૬૯૯ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૫ |
| બાજરી | ૨૪૯ | ૨૯૧ |
| ગવાર | ૧૦૪૮ | ૧૨૯૧ |
| ચણા | ૫૦૦ | ૫૮૭ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૦ | ૨૭૧ |
| ઘઉં | ૩૦૮ | ૩૦૯ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૨૭૮ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| તુવેર | ૫૨૫ | ૬૫૦ |
| જુવાર | ૩૪૦ | ૩૮૦ |
| રાયડો | ૫૨૫ | ૬૦૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૫૫ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૦૮ |
| ડાંગર | ૨૭૦ | ૨૯૦ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| ગવાર | ૧૨૫૦ | ૧૨૭૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૪૦ |
| જુવાર | ૨૨૫ | ૫૭૦ |
| રાયડો | ૫૨૦ | ૫૮૦ |

### ઊંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૭૫ | ૨૮૦૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૮૦૦ |
| રાયડો | ૬૧૭ | - |
| સવા | ૬૨૭ | - |
| મેથી | ૫૩૦ | - |

### મહેસાણા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૨ | ૬૮૩ |

### માણસા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૯ |
| ગવાર | ૧૧૪૦ | ૧૧૮૧ |
| ઘઉં | ૩૧૯ | ૩૩૩ |

| | | |
|---|---|---|
| જુવાર | ૩૪૫ | ૩૯૧ |

### મોડાસા

| | | |
|---|---|---|
| મગફળી | ૭૨૧ | ૯૧૬ |
| એરંડા | ૬૮૦ | ૬૯૮ |
| બાજરી | ૨૩૫ | ૨૬૪ |
| મકાઈ | ૨૭૫ | ૩૧૯ |
| ઘઉં | ૩૦૭ | ૩૨૭ |
| ગવાર | ૧૦૫૦ | ૧૧૩૦ |

### ટીટોઈ

| | | |
|---|---|---|
| મગફળી | ૮૩૦ | ૯૫૧ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૫૦ |

### બાવળા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૩૫ |
| મગ | ૫૨૧ | ૮૮૧ |
| એરંડા | ૬૯૪ | - |
| રાઈ | ૫૫૪ | - |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૨૮ |
| બાજરી | ૨૦૦ | ૨૭૦ |
| જુવાર | ૨૦૦ | ૫૫૧ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૬૬ |
| એરંડા | ૭૦૦ | ૭૦૧ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૨૫ | ૯૮૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| બાજરી | ૨૧૫ | ૨૬૦ |
| ડાંગર | ૨૯૦ | ૩૨૦ |
| ડાંગર ગુજ. | ૩૧૫ | ૩૫૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| બાજરી | ૨૩૦ | ૨૩૫ |
| ડાંગર | ૨૯૫ | ૩૧૧ |
| ડાંગર | ૩૧૫ | ૩૫૦ |

### જોટાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | - |
| એરંડા | ૬૫૦ | ૬૮૨ |
| ગવાર | ૧૧૩૫ | ૧૨૬૬ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૧૫ |
| ઘઉં | ૩૧૫ | ૩૫૫ |
| મકાઈ | ૨૮૫ | ૨૯૫ |
| મગ | ૫૦૦ | ૧૦૦૦ |
| મગફળી | ૬૦૦ | ૮૫૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૦ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૬ | ૬૮૪ |
| બાજરી | ૨૨૫ | ૨૬૭ |
| ઘઉં | ૩૦૧ | - |
| ગવાર | ૧૨૨૦ | ૧૨૬૯ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૨૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૦૮ |
| એરંડા | ૬૮૦ | ૬૮૭ |
| જીરૂ | ૨૩૦૦ | ૨૫૧૩ |

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા દેશી | ૧૩૦ | ૨૧૦ |
| બટાટા ડીસા | ૧૭૦ | ૨૪૦ |
| ડુંગળી સુકી | ૩૫૦ | ૩૮૦ |
| ડુંગળી નાસિક | ૪૦૦ | ૪૫૦ |
| રીંગણ | ૨૦૦ | ૩૦૦ |
| રવૈયા | ૨૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૬૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૩૦૦ |
| ટામેટા પાકા | ૫૦૦ | ૮૦૦ |
| દૂધી | ૨૦૦ | ૪૫૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| ગીલોડા | ૨૪૦ | ૭૦૦ |
| મરચાં દેશી | ૮૦ | ૩૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૮૦૦ | ૨૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૬૦ | ૨૪૦ |
| મરચા ધોલાર | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |
| ભીંડા | ૨૦૦ | ૮૦૦ |
| ગવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| ચોલી | ૫૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૩૦૦ | ૪૬૦ |

## અમદાવાદ તેલ બજાર

| નામ | ઓછોભાવ | વધુભાવ |
|---|---|---|
| સીંગતેલ જૂના | ૧૬૫૦ | ૧૬૮૦ |
| સીંગતેલ નવા | ૧૮૩૦ | ૧૮૫૦ |
| કપાસિયા જુના | ૧૦૫૦ | ૧૦૯૦ |
| કપાસિયા નવા | ૧૧૮૭ | ૧૨૦૦ |
| સોયાબીનજૂના | ૧૦૭૦ | ૧૦૯૦ |
| સોયાબીન નવા | ૧૨૪૦ | ૧૨૯૦ |
| દીવેલ | ૧૧૩૦ | ૧૨૦૦ |
| પામોલિન | ૯૧૦ | ૯૪૫ |
| કોપરેલ | ૧૨૭૦ | ૧૨૯૦ |
| વનસ્પતિ | ૯૧૦ | ૯૮૦ |
| સરસીયુતીખુ | ૧૨૨૦ | ૧૨૪૦ |
| સરસીયુમોળુ | ૧૧૧૦ | ૧૧૩૦ |
| સન ફ્લાવર | ૧૩૩૦ | ૧૩૭૦ |
| મકાઈતેલ | ૧૦૮૦ | ૧૧૫૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601